Saturday
04.07.2026
*Volume :10 * Issue No.358
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-


# પ્રધાનમંત્રી ૪ જુલાઈના રોજ રાજસ્થાન અને ગુજરાતની મુલાકાતે

## પ્રધાનમંત્રી બાલોત્રામાં આશરે ૧.૦૬ લાખ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે, ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે

**આ પ્રોજેક્ટ્સમાં પેટ્રોકેમિકલ્સ, શહેરી પરિવહન, રેલવે, રસ્તાઓ, નવીનીકરણીય ઊર્જા અને પાવર ટ્રાન્સમિશન જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે**

**પ્રધાનમંત્રી બાલોત્રાના પચપદ્રા ખાતે ભારતના પ્રથમ ગ્રીનફિલ્ડ ઇન્ટિગ્રેટેડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સને રાષ્ટ્રને સમર્પિત કરશે**

**આ અત્યાધુનિક સંકુલ રિફાઇનિંગ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનને જોડે છે; તે ૭૯,૪૫૦ કરોડથી વધુના રોકાણ સાથે બનાવવામાં આવ્યું છે**

**પ્રધાનમંત્રી જોધપુરમાં સુધારેલી ઉડાન યોજનાનો શુભારંભ કરશે**



**ભારતની સેમિકન્ડક્ટર ઉત્પાદન યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ, પ્રધાનમંત્રી અમદાવાદના સાણંદમાં CG સેમી OSAT સુવિધાનું ઉદ્ઘાટન કરશે**

**પ્રધાનમંત્રી જયપુર મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાનો શિલાન્યાસ કરશે**

**એકવાર સંપૂર્ણ રીતે કાર્યરત થયા પછી, સુવિધામાં વાર્ષિક ૫ અબજ સેમિકન્ડક્ટર ચિપ્સ સુધીની ઉત્પાદન ક્ષમતા હશે**

**CG સેમી પ્લાન્ટ ભારતની પ્રથમ એન્ડ-ટુ-એન્ડ OSAT સુવિધાઓમાંની એક હશે, જે સેમિકન્ડક્ટર એસેમ્બલી અને પરીક્ષણ સેવાઓ પૂરી પાડશે**

## પ્રધાનમંત્રી જોધપુર એરપોર્ટના ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૪ જુલાઈ ૨૦૨૬ના રોજ રાજસ્થાન અને ગુજરાતની મુલાકાત લેશે. આશરે 10:45 AM વાગ્યે, પ્રધાનમંત્રી જોધપુર એરપોર્ટના ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે અને જોધપુરમાં મોડિફાઇડ UDAN યોજનાનો શુભારંભ કરાવશે. ત્યારબાદ, આશરે 12:15 PM વાગ્યે, તેઓ આશરે ૧.૦૬ લાખ કરોડના મૂલ્યના વિકાસ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રનેસમર્પિત કરવા, ઉદ્ઘાટન કરવા અને શિલાન્યાસ કરવા માટે બાલોત્રા જશે. તેઓ આ પ્રસંગે એક જાહેર સભાને પણ સંબોધિત કરશે. ત્યારબાદ, પ્રધાનમંત્રી ગુજરાતના પ્રવાસે જશે. આશરે 4:30 PM વાગ્યે, પ્રધાનમંત્રી સાણંદ, અમદાવાદ ખાતે CG SEMI આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીનું ઉદ્ઘાટન કરશે. તેઓ આ પ્રસંગે ઉપસ્થિત જનસભાને પણ સંબોધિત કરશે.

**પ્રધાનમંત્રી જોધપુરમાં**

નાગરિક ઉડ્ડયન ક્ષેત્રને મોટો વેગ આપવા માટે, પ્રાદેશિક કનેક્ટિવિટી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને, પ્રધાનમંત્રી જોધપુરમાં મોડિફાઇડ UDAN યોજનાનો શુભારંભ કરાવશે. આ ભારતની સિવિલ એવિએશન ક્ષિતિજમાં એક નોંધપાત્ર આગેકૂચ દર્શાવે છે અને "ઉડે દેશ કા આમ નાગરિક"ના વિઝનને વધુ આગળ ધપાવશે. આગામી ૧૦ વર્ષોમાં ૨૮,૮૪૦ કરોડની ફાળવણી સાથે, આ યોજનાનો ઉદ્દેશ્ય એવિએશન-આધારિત વિકાસના આગામી તબક્કાને વેગ આપવાનો છે. તે વ્યાપક અને ટકાઉ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવા માટે રચાયેલા બહુવિધ વ્યૂહાત્મક ઘટકો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સમગ્ર દેશમાં એવિએશન ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર કરવા માટે, ૧૨,૦૦૦ કરોડથી વધુના ખર્ચના સમર્થન સાથે, હાલની સેવાવિહીન એરસ્ટ્રિપ્સમાંથી ૧૦૦ એરોડ્રોમ્સના વિકાસ પર મુખ્ય ભાર મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, પ્રાદેશિક એરપોર્ટની કામગીરીના પ્રારંભિક વર્ષો દરમિયાન તેમની સદ્ધરતા સુનિશ્ચિત કરવા માટે ઓપરેશન્સ એન્ડ મેઇન્ટેનન્સ (O&M) સપોર્ટ માટે ૨,૫૦૦ કરોડથી વધુની રકમ અલગ રાખવામાં આવી છે. અંતરિયાળ અને મુશ્કેલ ભૂપ્રદેશોમાં સુલભતાના પડકારોને પહોંચી વળવા માટે, આ યોજના ૨૦૦ આધુનિક હેલિપેડ્સના વિકાસની પણ દરખાસ્ત કરે છે. આ યોજના એરલાઇન્સ માટે ૧૦,૦૦૦ કરોડથી વધુના વાયેબિલિટી ગેપ ફંડિંગ (VGF) સપોર્ટને પણ ચાલુ રાખે છે, જે ક્રમિક વ્યાપારી સદ્ધરતાને પ્રોત્સાહિત કરવાની સાથે ટકાઉ પ્રાદેશિક કામગીરી સુનિશ્ચિત કરે છે. આત્મનિર્ભર ભારતના વિઝનને વધુ મજબૂત બનાવતા, આ પહેલમાં અલ્પસેવા ધરાવતા પ્રદેશોમાં કનેક્ટિવિટી અને કામગીરી વધારવા માટે HAL ધ્રુવ અને ડોર્નિયર પ્લેટફોર્મ જેવા સ્વદેશી એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરની ખરીદીનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી જોધપુર એરપોર્ટ ખાતે ન્યૂ ટર્મિનલ બિલ્ડિંગનું પણ ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ ૪૮૦ કરોડના કુલ ખર્ચે વિકસાવવામાં આવ્યો છે. ૨૩,૦૦૦ ચોરસ મીટરથી વધુના વિસ્તારમાં ફેલાયેલું આ ન્યૂ ટર્મિનલ બિલ્ડિંગ વાર્ષિક ૨૦ લાખ મુસાફરોને સંભાળવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે. તે સીમલેસ અને આરામદાયક પ્રવાસનો અનુભવ સુનિશ્ચિત કરવા માટે આધુનિક પેસેન્જર સુવિધાઓથી સજ્જ છે. રાજસ્થાનની શાહી વારસાથી પ્રેરિત આ ટર્મિનલમાં પરંપરાગત સ્થાપત્ય તત્ત્વો, જેમ કે કમાનો અને ઝરોખાને આધુનિક ડિઝાઇન સાથે સુંદર રીતે સંકલિત કરવામાં આવ્યા છે. ટર્મિનલની રચનામાં ટકાઉ વિકાસને મહત્વ આપવામાં આવ્યું છે. તેમાં ઊર્જા-કાર્યક્ષમ પ્રણાલીઓ, જળ સંરક્ષણના ઉપાયો અને હરિત નિર્માણ (Green Building)ની પદ્ધતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી તેને ૫-સ્ટાર GRIHA રેટિંગ પ્રાપ્ત કરવાની દિશામાં આગળ વધારી શકાય. જોધપુર એરપોર્ટ પર ન્યૂ ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન આ પ્રદેશમાં પ્રવાસન, વેપાર અને રોજગાર નિર્માણને નોંધપાત્ર વેગ આપશે.

**પ્રધાનમંત્રી બાલોત્રામાં**

પ્રધાનમંત્રી બાલોત્રામાં આશરે ૧.૦૬ લાખ કરોડના મૂલ્યના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ્સ પેટ્રોકેમિકલ્સ, અર્બન ટ્રાન્સપોર્ટ, રેલવે, રોડ, રિન્યુએબલ એનર્જી અને પાવર ટ્રાન્સમિશન સહિતના બહુવિધ ક્ષેત્રોને આવરી લે છે. પ્રધાનમંત્રી બાલોત્રાના પચપદ્રા ખાતે ભારતની પ્રથમ ગ્રીનફિલ્ડ ઇન્ટીગ્રેટેડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ રાષ્ટ્રને સમર્પિત કરશે, જે દેશના ઊર્જા અને પેટ્રોકેમિકલ ક્ષેત્રે એક ઐતિહાસિક સિદ્ધિ દર્શાવે છે. હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) અને રાજસ્થાન સરકાર વચ્ચેના સંયુક્ત સાહસ તરીકે વિકસિત, દર વર્ષે ૯ મિલિયન મેટ્રીક ટન (MMTPA) ગ્રીનફિલ્ડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ ૭૯,૪૫૦ કરોડથી વધુના રોકાણ સાથે સ્થાપિત કરવામાં આવ્યું છે. આ સ્ટેટ-ઓફ-ધ-આર્ટ કોમ્પ્લેક્સ રિફાઇનિંગ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનને એકીકૃત કરે છે, જેમાં પેટ્રોકેમિકલ ક્ષમતા ૨.૪ સ્ઁછ છે. આ રિફાઇનરી ૧૭.૦નો ઉચ્ચ નેલ્સન કોમ્પ્લેક્સિટી ઇન્ડેક્સ અને ૨૬%થી વધુની પેટ્રોકેમિકલ યીલ્ડ ધરાવે છે, જે કાર્યક્ષમતા અને ટકાઉપણું માટેના વૈશ્વિક માપદંડો સાથે સુસંગત છે. આ પ્રોજેક્ટ ભારતની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવા, પેટ્રોકેમિકલ આત્મનિર્ભરતા વધારવા અને ઔદ્યોગિક વિકાસને આગળ ધપાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે. તે આ પ્રદેશમાં પેટ્રોકેમિકલ અને પ્લાસ્ટિક પાર્કના વિકાસ માટે એક એંકર ઉદ્યોગ તરીકે કામ કરશે, જે ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગો અને આનુષંગિક ક્ષેત્રોને પ્રોત્સાહન આપશે. વધુમાં, રિફાઇનરી આ પ્રદેશના સામાજિક-આર્થિક વિકાસમાં યોગદાન આપીને નોંધપાત્ર રોજગારીની તકો ઊભી કરવા માટે સજ્જ છે. પ્રધાનમંત્રી જયપુર મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ ૨નો શિલાન્યાસ કરશે, જેની કુલ કિંમત ?૧૩,૦૦૦ કરોડથી વધુ છે. ફેઝ ૨ હેઠળ, પ્રહલાદપુરાથી તોડી મોડ સુધી ૪૧-કિલોમીટર લાંબો નોર્થ-સાઉથ મેટ્રો કોરિડોર વિકસાવવામાં આવશે, જે ૩૬ સ્ટેશનો દ્વારા સીતાપુરા અને વિશ્વકર્મા ઇન્ડસ્ટ્રિયલ એરિયા (VKI)ના ઔદ્યોગિક અને રહેણાંક વિસ્તારોને જોડશે. આ કોરિડોર સીતાપુરા ઇન્ડસ્ટ્રિયલ એરિયા, VKI, જયપુર એરપોર્ટ, ટોંક રોડ, SMS હોસ્પિટલ, SMS સ્ટેડિયમ, અંબાબારી અને વિદ્યાધર નગર સહિતના મુખ્ય સ્થળોને સીમલેસ કનેક્ટિવિટી પૂરી પાડશે. આ પ્રોજેક્ટ જયપુરના મુખ્ય ઔદ્યોગિક અને રહેણાંક વિસ્તારોમાં કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો કરશે, જે રહેવાસીઓને ઝડપી, સુરક્ષિત અને વધુ અનુકૂળ જાહેર પરિવહન પ્રદાન કરશે. ફેઝ ૧ હેઠળ, ૧૧ સ્ટેશનો સાથેનો ૧૧.૬૪-કિલોમીટરનો મેટ્રો કોરિડોર હાલમાં કાર્યરત છે. પ્રધાનમંત્રી આશરે ૯૦૦ કરોડના ખર્ચે નિર્મિત ચુરુ-સાદુલપુર (58 km) અને ચુરુ-રતનગઢ (46 km) રેલ ડબલિંગ પ્રોજેક્ટ્સ પણ રાષ્ટ્રને સમર્પિત કરશે. કુલ ૧૦૪ કિલોમીટરની લંબાઈ ધરાવતા, આ પ્રોજેક્ટ્સ ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનમાં રેલ કનેક્ટિવિટીને મજબૂત કરશે. તેઓ રેલ લાઇન ક્ષમતામાં વધારો કરશે, જેનાથી રેલ નેટવર્ક પરની ભીડ ઓછી થશે અને પેસેન્જર તેમજ માલસામાન બંને ટ્રેનોનું વધુ સુધારેલું, સુરક્ષિત અને સમયસર સંચાલન શક્ય બનશે. આ પ્રોજેક્ટ્સ આ પ્રદેશમાં રોકાણ, રોજગાર નિર્માણ અને ઔદ્યોગિક વિકાસને પણ વેગ આપશે. પ્રધાનમંત્રી NH-125A, જોધપુર રિંગ રોડ સેક્શન-૨ (કરવડ-ડાંગિયાવાસ)ના ફોર-લેનિંગનું પણ ઉદ્ઘાટન કરશે. આશરે ૭૪૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવેલો આ પ્રોજેક્ટ જોધપુરની આસપાસ પ્રાદેશિક કનેક્ટિવિટીમાં સુધારો કરશે અને મુસાફરીને વધુ સરળ તેમજ સુરક્ષિત બનાવશે. વધુમાં, પ્રધાનમંત્રી આશરે ૫,૫૦૦ કરોડના રોકાણ સાથે વિકસિત SJVN લિમિટેડનો ૧,૦૦૦ સ્ઉ બિકાનેર સોલર એનર્જી પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે. આ પ્રોજેક્ટમાં ૨૪.૨૨ લાખ સ્થાનિક રીતે ઉત્પાદિત સોલર મોડ્યુલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી NHPC નો 300 MW કર્ણીસર બિકાનેર સોલર એનર્જી પ્લાન્ટ પણ સમર્પિત કરશે. આ પ્રોજેક્ટમાં આશરે ૭.૭૫ લાખ સ્થાનિક રીતે ઉત્પાદિત સોલર PV સેલ્સ અને મોડ્યુલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી રાજસ્થાન રિન્યુએબલ એનર્જી ઝોન (REZ)માંથી પાવર ઇવેક્યુએશન (વીજળી નિકાસ) માટે ૧,૯૦૦ કરોડથી વધુના ખર્ચે નિર્મિત ટ્રાન્સમિશન લાઇનનું પણ ઉદ્ઘાટન કરશે અને રાજસ્થાન REZ માટે ૫૩૦ કિલોમીટર લાંબી પાવર ટ્રાન્સમિશન સિસ્ટમનો શિલાન્યાસ કરશે. આ ટ્રાન્સમિશન સિસ્ટમ્સ રાજસ્થાનમાં ઉત્પાદિત રિન્યુએબલ એનર્જીના ઇવેક્યુએશનને સરળ બનાવશે અને રાજ્યમાં અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં મદદ કરશે. પ્રધાનમંત્રી રાજસ્થાન સરકારના વિવિધ વિભાગોમાં ભરતી કરાયેલા આશરે ૫૪,૦૦૦ યુવાનોને નિમણૂક પત્રો પણ એનાયત કરશે. આ નવનિયુક્ત ઉમેદવારોમાં શિક્ષણ, ઊર્જા, ગૃહ, પંચાયતી રાજ, પરિવહન, ઉચ્ચ શિક્ષણ, કૌશલ્ય વિકાસ, આયોજન, કૃષિ, માહિતી ટેકનોલોજી અને વહીવટી સુધારણા વિભાગોના કર્મચારીઓનો સમાવેશ થાય છે.

**પ્રધાનમંત્રી સાણંદમાં**

પ્રધાનમંત્રી ગુજરાતના સાણંદ ખાતે CG સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીનું ઉદ્ઘાટન કરશે. આ ઉદ્ઘાટન ફેસિલિટી ખાતે વ્યાપારી ઉત્પાદનની શરૂઆત સાથે ભારતની સેમિકન્ડક્ટર ઉત્પાદન યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તે વૈશ્વિક સેમિકન્ડક્ટર વેલ્યુ ચેઇનમાં ભારતની સ્થિતિને મજબૂત કરવા તરફ એક મોટું પગલું દર્શાવે છે. આ પ્રોજેક્ટ ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) હેઠળ માન્યતા પ્રાપ્ત પ્રથમ ચાર પ્રોજેક્ટ્સમાંનો એક છે અને તેને ૭,૫૦૦ કરોડથી વધુના કુલ રોકાણ સાથે વિકસાવવામાં આવ્યો છે. એકવાર સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગયા પછી, આ ફેસિલિટી વાર્ષિક ૫ અબજ સેમિકન્ડક્ટર ચિપ્સ સુધીની ઉત્પાદન ક્ષમતા ધરાવશે અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને હાઈ-પર્ફોર્મન્સ કમ્પ્યુટિંગમાં ઝડપી પ્રગતિને કારણે મેમરી અને સ્ટોરેજ સોલ્યુશન્સ માટે વધતી જતી વૈશ્વિક માંગને પૂરી કરવામાં મદદ કરશે. આ ફેસિલિટી ઓટોમોટિવ, ઇન્ડસ્ટ્રિયલ, ટેલિકોમ્યુનિકેશન્સ, પર અને ઇન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) ક્ષેત્રોના ગ્રાહકોની જરૂરિયાતો પૂરી કરશે. ઝ્યસેમી ફેસિલિટી એન્ડ-ટુ-એન્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટિંગ સેવાઓ પ્રદાન કરે છે, જેમાં વેફર સોર્ટિંગ, એસેમ્બલી, ટેસ્ટિંગ, પેકેજ ડિઝાઇન, ફેલ્યોર એનાલિસિસ, ટેસ્ટ પ્રોગ્રામ ડેવલપમેન્ટ, પ્રોડક્ટ કેરેક્ટરાઇઝેશન અને લોજિસ્ટિક્સ સપોર્ટનો સમાવેશ થાય છે. આ સુવિધાના કાર્યાન્વયનથી ભારત વિશ્વસનીય અને આત્મનિર્ભર સેમિકન્ડક્ટર ઉત્પાદન કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે અને દેશમાં સ્થિતિસ્થાપક અને આત્મનિર્ભર ટેકનોલોજી ઇકોસિસ્ટમ બનાવવાના પ્રધાનમંત્રીના વિઝન સાથે સુસંગત છે.



કમલમ્,

**ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા વન ડે - વન અસેમ્બલી ના સંકલ્પ અંતર્ગત પંચમહાલ જિલ્લાની શહેરા વિધાનસભાના પ્રવાસે છે ત્યારે તેઓએ તેમના પ્રવાસની શુભ શરૂઆત શ્રી મરડેશ્વર મહાદેવના પૌરાણિક મંદિરે દર્શન અને પૂજન-અર્ચન સાથે કરી હતી. આ અવસરે શ્રી વિશ્વકર્માએ સમગ્ર ગુજરાતના નાગરિકોની સુખ, શાંતિ, સમૃદ્ધિ અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે દેવાધિદેવને પ્રાર્થના કરી હતી.**




કમલમ્,

**ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ શહેરા વિધાનસભાના પ્રવાસ અંતર્ગત પક્ષના વરિષ્ઠ આગેવાનો સાથે બેઠક યોજી તેમના બહોળા અનુભવ અને સૂચનો સાંભળી ફળદાયી ચર્ચા કરી હતી. શ્રી વિશ્વકર્માએ આ અન્વયે જણાવ્યું કે, વર્ષોના પરિશ્રમ અને સમર્પણથી સંગઠનનો પાયો મજબૂત કરનાર વરિષ્ઠ આગેવાનોનું માર્ગદર્શન આજે પણ એટલું જ મૂલ્યવાન છે.**



કમલમ્,

**ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ શહેરા વિધાનસભાના પ્રવાસ દરમિયાન 'બુથ સંવાદ' અંતર્ગત શહેરા તાલુકાના મોરવા (રેણા) ખાતે કાર્યકર્તાઓ, સંગઠનના પદાધિકારીઓ તેમજ ચુંટાયેલા જનપ્રતિનિધિઓ સાથે સંવાદ કર્યો હતો.**



કમલમ્,

**દાહોદ જિલ્લાના પ્રવાસ દરમિયાન ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આજે લીમખેડા ખાતે પક્ષના વરિષ્ઠ આગેવાનો સાથે મુલાકાત કરી સંવાદ કર્યો હતો.**

## કેન્દ્રીય પર્યાવરણ મંત્રીએ 'ઇલેક્ટ્રિક મોબિલિટી: વિકસિત ભારત માટે ભારતને ઇલેક્ટ્રિક મોબિલિટી હબ બનાવવું' વિષય પર ASSOCHAMની રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરી

### ઈ-મોબિલિટી તરફનું સંક્રમણ ગ્રીન ગ્રોથ, સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પારદર્શક શાસન અને સર્ક્યુલર ઈકોનોમી પર કેન્દ્રિત હોવું જોઈએ, જે લાંબાગાળાની પર્યાવરણીય સ્થિરતા સુનિશ્ચિત કરેઃ શ્રી ભૂપેન્દર યાદવ

કમલમ્,

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દર યાદવે નવી દિલ્હી ખાતે મુખ્ય અતિથિ તરીકે 'ઇલેક્ટ્રિક મોબિલિટી: વિકસિત ભારત માટે ભારતને ઇલેક્ટ્રિક મોબિલિટી હબ બનાવવું' વિષય પરની રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરી હતી. આ પરિષદ એસોસિએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ઓફ ઇન્ડિયા (ASSOCHAM) દ્વારા આયોજિત કરવામાં આવી હતી, જેમાં ભારતના ઇલેક્ટ્રિક મોબિલિટી સંક્રમણને વેગ આપવા અને વૈશ્વિક ઈવી (EV) મેન્યુફેક્ચરિંગ હબ તરીકે દેશની સ્થિતિને મજબૂત કરવાના રોડમેપ પર વિચાર-વિમર્શ કરવા માટે વરિષ્ઠ નીતિનિર્માતાઓ, ઉદ્યોગ જગતના અગ્રણીઓ, ઓટોમોટિવ ઉત્પાદકો, ટેકનોલોજી પ્રદાતાઓ અને અન્ય હિસ્સેદારો એકસાથે આવ્યા હતા. આ વિચાર-વિમર્શ દરમિયાન વિકસિત ભારત ૨૦૪૭ ના વિઝન હેઠળ ઈવી (EV) અપનાવવાની પ્રક્રિયાને વેગ આપવા અને ભારતને વૈશ્વિક ઇલેક્ટ્રિક મોબિલિટી હબ તરીકે સ્થાપિત કરવા માટે નીતિગત સાતત્ય, મજબૂત ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઉત્પાદનનું સ્થાનિકીકરણ, સ્થિતિસ્થાપક બેટરી સપ્લાય ચેઈન, ધિરાણ સહાય અને તકનીકી નવીનતાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. પરિષદના ઉદ્ઘાટન સત્રને સંબોધતાં શ્રી યાદવે જણાવ્યું હતું કે ભારતનું ઇલેક્ટ્રિક મોબિલિટી તરફનું સંક્રમણ માત્ર એક ટેકનોલોજીના સ્થાને બીજી ટેક્નોલોજી લાવવા પૂરતું મર્યાદિત નથી—તે એક ટકાઉ ઔદ્યોગિક ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા વિશે છે જે ઉત્પાદનને મજબૂત કરે છે, ગ્રીન જોબ્સનું સર્જન કરે છે અને ૨૦૪૭ સુધીમાં પ્રધાનમંત્રીના વિકસિત ભારતના વિઝનને ટેકો આપે છે.

તેમણે ઉમેર્યું કે, "જેમ આપણે આ સંક્રમણને વેગ આપીએ છીએ, તેમ આપણું ધ્યાન હરિત વિકાસ, સુદ્રઢ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પારદર્શક શાસન અને સર્ક્યુલર ઈકોનોમી પર કેન્દ્રિત રહેવું જોઈએ જે લાંબાગાળાની પર્યાવરણીય સ્થિરતા સુનિશ્ચિત કરે છે." મંત્રીશ્રીએ માહિતી આપી હતી કે સરકારે પર્યાવરણીય મંજૂરીઓને સરળ બનાવવા, PARIVESH પોર્ટલ દ્વારા મંજૂરી પ્રણાલીઓનું ડિજિટલાઈઝેશન કરવા, પાલનની જરૂરિયાતોને તર્કસંગત બનાવવા અને પર્યાવરણીય સુરક્ષા સાથે સમાધાન કર્યા વિના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન આપવા માટે શ્રેણીબદ્ધ સુધારાઓ હાથ ધર્યા છે. આ સુધારાઓ જવાબદાર વિકાસ સુનિશ્ચિત કરવાની સાથે ઝડપી રોકાણોને સક્ષમ બનાવી રહ્યા છે, તેમ તેમણે જણાવ્યું હતું. શ્રી યાદવે નોંધ્યું હતું કે, "ભારતનું ભવિષ્ય રેખીય 'ટેક-મેક-ડિસ્પોઝ' મોડલમાંથી બહાર આવીને પુનઃઉપયોગ, રિસાયક્લિંગ અને ટકાઉ સંસાધન સંચાલન પર આધારિત સર્ક્યુલર ઈકોનોમી તરફ આગળ વધવામાં રહેલું છે." તેમણે જણાવ્યું હતું કે ઈલેક્ટ્રિક મોબિલિટીને મજબૂત ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અદ્યતન ઉત્પાદનનું સ્થાનિકીકરણ, સુરક્ષિત ક્રિટિકલ મિનરલ સપ્લાય ચેઈન, બેટરી રિસાયક્લિંગ અને સંસાધન કાર્યક્ષમતા દ્વારા ટેકો મળવો જોઈએ. વધુમાં, મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ઉદ્યોગો, નીતિ નિર્માતાઓ અને સંસ્થાઓએ એકસાથે મળીને એક નવીનતા-પ્રેરિત ઈકોસિસ્ટમનું નિર્માણ કરવું જોઈએ જે ભારતને સ્વચ્છ ગતિશીલતા (ક્લીન મોબિલિટી) માટે વૈશ્વિક હબ તરીકે સ્થાપિત કરે. તેમણે અંતમાં જણાવ્યું હતું કે, "ઈકોલોજી અને ઈકોનોમી બંનેએ સાથે મળીને પ્રગતિ કરવી જોઈએ, અને સામૂહિક પ્રયાસો દ્વારા, ભારત ટકાઉ ઉત્પાદન, ગ્રીન મોબિલિટી અને આબોહવા પ્રત્યે સભાન વિકાસમાં વૈશ્વિક અગ્રણી તરીકે ઉભરી શકે છે." આ ઉદ્ઘાટન સત્રમાં એસોચેમના પ્રમુખ અને યુનો મિન્ડા (UNO Minda)ના ચેરમેન શ્રી નિર્મલ કે. મિન્ડા; ASSOCHAM નેશનલ કાઉન્સિલ ઓન ગ્રીન મોબિલિટીના ચેરમેન અને જેબીએમ (JBM) ગ્રુપના વાઈસ સીએમડી શ્રી નિશાંત આર્યા; અને ASSOCHAMના સેક્રેટરી જનરલ શ્રી સૌરભ સન્યાલ ઉપસ્થિત રહ્યા હતા.



ગુજરાત સરકાર

# ગુજરાત
## ધ સેમિકંડક્ટર હબ

### સેમિકંડક્ટર ઉદ્યોગ બન્યાં સાણંદની આગવી ઓળખ



## સેમિકંડક્ટર ક્ષેત્રે ગુજરાતે સર્જ્યો ઈતિહાસ



- સેમિકંડક્ટર સેક્ટરમાં ગુજરાતે અંદાજે **₹1.24 લાખ કરોડ**નું રોકાણ આકર્ષિત કર્યું છે
- રાજ્યમાં **50,000**થી વધુ **પ્રત્યક્ષ** અને **પરોક્ષ** રોજગારીની તકો ઊભી થશે
- દેશમાં સેમિકંડક્ટર નીતિ જાહેર કરનાર પ્રથમ રાજ્ય બન્યું **ગુજરાત**
- **ધોલેરા SIR**માં 28 નેનોમીટરની ચિપ્સના ઉત્પાદનથી ભારતને નવી ઔદ્યોગિક ઓળખ મળશે
- ધોલેરા **'સેમિકંડક્ટર-રેડી'** સ્માર્ટ સિટી તરીકે સ્થાપિત થશે
- IIT ગાંધીનગર ખાતે **₹194.21 કરોડ**ના ખર્ચે કાર્યરત **'SAMARTH'** પ્રોજેક્ટ હેઠળ આગામી **5 વર્ષમાં 2,600થી વધુ નિષ્ણાત એન્જિનિયરો** તૈયાર થશે

માનનીય વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતે સેમિકંડક્ટર ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે; સાણંદ હવે માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ નૂતન ભારતના **'સેમિકંડક્ટર સેક્ટર'**નો પર્યાય બનવા જઈ રહ્યું છે. - **હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

## ગુજરાત સરકારનો ઐતિહાસિક ખેડૂતલક્ષી નિર્ણય

# વીજ ટાવર અને લાઈન વળતરમાં માતબર વધારો

## જંત્રીને બદલે હવે બજાર ભાવના બમણા દરે વળતર ચૂકવાશે

**ટાવર બેઝ વિસ્તારની ગણતરીમાં ચારેય બાજુ વધારાના એક મીટરનો ઉમેરો કરાયો, ૭૬૫ કે.વી. લાઇનમાં ૬૨૫ ચોમી ના બદલે ૭૨૯ ચોમી નુ વળતર ચુકવાશે**

**અગાઉ ત્રણ તબક્કામાં ચુકવણા ના બદલે એકી સાથે શરૂઆતમાં જ ૧૦૦ % ચુકવણું**



### જમીનની વાસ્તવિક બજાર કિંમત નક્કી કરવા 'માર્કેટ રેટ કમિટી' (MRC)ની રચના થશેઃ ખેડૂત પ્રતિનિધિઓને મળશે સ્થાન



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી, ઉર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ અને ઉર્જારાજ્ય મંત્રી શ્રી કૌશિક ભાઇ વેકરીયાએ ખેડૂતો સાથે ચર્ચા, વિચાર વિમર્શ અને પરામર્શ કરીને તેમજ ખેડૂતોના આર્થિક હિતને સર્વોપરી રાખીને એક મહત્વપૂર્ણ અને ઉદાર નિર્ણય લેવામાં આવ્યો છે. ખેતરોમાંથી પસાર થતી વીજ લાઇન, વીજટાવર ઉભા કરવા બદલ ખેડૂતોને આપવામાં આવતા વળતરમાં સરકારે વધારો જાહેર કર્યો છે. આ નિર્ણયથી રાજ્યના લાખો ખેડૂતોને તેમની જમીનનું યોગ્ય અને બજાર આધારિત વળતર મળશે. ખેડૂતોના ખેતરમાંથી પસાર થતી વીજ લાઇન માટે અત્યાર સુધી ખેતરમાં વીજ પોલ કે લાઇન નાખવા માટે ખેડૂતોને જંત્રીના બમણા દર (૨૦૦%) લેખે વળતર ચૂકવવામાં આવતું હતું. તે પરત્વે વિવિધ ખેડુત સંગઠનો તરફથી મળતી રજુઆતો અન્વયે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા મોટો સુધારો કરીને, જંત્રી આધારિત નહીં પરંતુ જમીનના પ્રવર્તમાન બજાર ભાવ (Market Rate)ના બમણા ભાવ ચૂકવવાનો ખેડૂત હીત લક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે. તે ઉપરાંત અત્યાર સુધી ખેતરમાં નંખાતા વીજ ટાવરના બેઝ (પાયા) વિસ્તારના વાસ્તવિક માપ પ્રમાણે જ વળતર અપાતું હતું. હવેથી ખેડૂતોના ફાયદા માટે ટાવરના બેઝ વિસ્તારની દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરીને વધુ વળતર ચૂકવવામાં આવશે. ઉદાહરણ તરીકે; ૭૬૫ કે.વી. લાઇનમાં અગાઉ ૬૨૫ ચોરસ મીટર લેખે વળતર અપાતુંહતું, જેમાં હવેથી દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરી તે મુજબ વધારીને ૭૨૯ ચોરસ મીટર લેખે ચૂકવવામાં આવશે.

અગાઉ જમીનમાલિકોને વળતર અંગે, ફાઉન્ડેશન તબક્કે ૪૦%, ઈરેક્શન વખતે ૪૦% તથા વાયર લગાડ્યા બાદ ૨૦% રકમ મુજબની ચુકવણી થતી હતી, તેના બદલે જમીનમાલિકોને એક સાથે અને અગાઉથી વળતર ચૂકવવાનું નિર્ધારિત થયેલ છે.

ખેડૂતોની જમીનની વાસ્તવિક બજાર કિંમત તટસ્થ અને પારદર્શક રીતે નક્કી થઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા એમ.આર.સી. (Market Rate Committee) ની રચના કરવામાં આવશે. ખાસ વાત એ છે કે આ સમિતિમાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ અને ખેડુતોના ઓથોરાઈઝ્ડ માર્કેટ વેલ્યુઅરને પણ સ્થાન આપવામાં આવશે, જેથી ખેડૂતોને અન્યાય ન થાય. માર્કેટ રેટ નિર્ધારણ કરવાની સમિતિમાં કલેકટરશ્રી, જમીનમાલિકોના પ્રતિનિધિ અને ટ્રાન્સમીશન સર્વિસ પ્રોવાઈડરના પ્રતિનિધિ પણ હશે. બીજી તરફ, વીજ લાઈનના રાઈટ ઓફ વે કોરિડોર માટે એમ.આર.સી દ્વારા નિર્ધારીત થયેલ બજાર કિંમતના આધારે વિસ્તાર મુજબ વળતર અપાશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં બજાર કિંમતના ૩૦%, નગરપાલિકા વિસ્તારમાં બજાર કિંમતના ૪૫% અને મહાનગરપાલિકા વિસ્તારમાં બજાર કિંમતના ૬૦% મુજબ વળતર આપવામાં આવશે.

રાજ્યસરકારે આ નિર્ણયમાં ઉદારતા દાખવતા સ્પષ્ટ કર્યું છે કે, જે ખેડૂતોએ અગાઉ જૂના ભાવ પ્રમાણે વળતર મેળવી લીધું હોય, પરંતુ વીજ લાઈનનું કામ હજી પ્રગતિમાં (ચાલુ) હોય, તેવા તમામ ખેડૂતોને આ નીતિ નો લાભ મળવાપાત્ર રહેશે.

### EXAMPLE-1

| | ગુજરાત સરકારના ઠરાવ તાઃ ૦૧.૦૩.૨૦૨૪ મુજબ | પ્રસ્તાવિત (૧ વીઘા = ૩૦ લાખ પ્રમાણે) |
|---|---|---|
| | DLVC દર મુજબ (ટાવર માટે - રૂ. ૯૭૯ પ્રતિ ચો.મી.) (ROW કોરીડોર માટે - રૂ. ૭૬૧ પ્રતિ ચો.મી.) | માર્કેટ રેટ કમિટી (MRC) મુજબ (રૂ. ૧૮૫૩.૨૯ પ્રતિ ચો.મી.) |
| ટાવરના ચાર પાયાથી ઘેરાયેલો વિસ્તાર | ૬.૧૧ લાખ (૬૨૫ ચો મી) | ૨૭.૦૨ લાખ (૭૨૯ ચો મી) |
| RoW કોરીડોર | ૧૨.૭૪ લાખ (૨૫% ROW) | ૩૭.૨૫ લાખ (૩૦% ROW) |

### EXAMPLE-2

| | ગુજરાત સરકારના ઠરાવ તાઃ ૦૧.૦૩.૨૦૨૪ મુજબ | પ્રસ્તાવિત (૧ વીઘા = ૨૦ લાખ પ્રમાણે) |
|---|---|---|
| | DLVC દર મુજબ (ટાવર અને RoW કોરીડોર માટે - રૂ. ૩૮૨ પ્રતિ ચો.મી.) | માર્કેટ રેટ કમિટી (MRC) મુજબ (રૂ. ૧૨૩૫.૫૩ પ્રતિ ચો.મી.) |
| ટાવરના ચાર પાયાથી ઘેરાયેલો વિસ્તાર | ૨.૩૮ લાખ (૬૨૫ ચો મી) | ૧૮.૦૦ લાખ (૭૨૯ ચો મી) |
| RoW કોરીડોર | ૬.૩૯ લાખ (૨૫% ROW) | ૨૪.૮૩ લાખ (૩૦% ROW) |

## IIT ગાંધીનગર ખાતે "NEED MISSION" વિજ્ઞાન ભારતી દ્વારા આયોજિત 'શાશ્વત ઊર્જા – સ્વચ્છ ઊર્જા, હરીત પર્યાવરણ, સુરક્ષિત ભવિષ્ય' વિષયક બે દિવસીય રાષ્ટ્રીય પરિષદનો પ્રારંભ થયો.

કમલમ્,ગાંધીનગર

પુનઃપ્રાપ્ય ઉર્જાના ક્ષેત્રમાં સંશોધન અને નીતિ આધારિત વિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી 'શાશ્વત ઊર્જા – સ્વચ્છ ઊર્જા, હરીત પર્યાવરણ, સુરક્ષિત ભવિષ્ય' વિષય પર "NEED MISSION દ્વારા તેમજ CBIP, જીપીઆરડી સેલના, વિજ્ઞાન ગુર્જરી, આઈઆઈટી ગાંધીનગર, GEDA , I-hub અને સંયુક્ત ઉપક્રમે તા. ૨ અને ૩ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન આઈઆઈટી ગાંધીનગર ખાતે બે દિવસીય રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન માનનીય શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, કેબિનેટ મિનિસ્ટર શ્રી સાઇન્સ એંડ ટેક્નોલોજી ફોરેસ્ટ એંડ એન્વારોમેંટ, ક્લાઈમેટ ચેંજ ડિપાર્ટમેંટ દ્વારા તેમજ માનનીય શ્રી ડૉ. રાજુલ ગજ્જર, કુલપતિ, ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટી, માનનીય શ્રી ડૉ. ત્રિપ્તા ઠાકુર, કુલપતિ, ઉત્તરાખંડ ટેક્નિકલ યુનિવર્સિટીના દ્વારા કરવામાં આવ્યું. માનનીય મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ આ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા જણાવ્યુ હતુ કે, સ્વચ્છ ઊર્જા માત્ર ટેક્નોલોજીનો વિષય નથી પરંતુ સુરક્ષિત ભવિષ્ય આર્થિક સ્થિરતા અને પર્યાવરણ સરંક્ષણ સાથે જોડાયેલો રાષ્ટ્રીય સંકલ્પ છે, ઉર્જા ઉત્પાદનથી લઈને વપરાશ સુધી દરેક સ્તરે જવાબદારી પૂર્વક પરિવર્તન જરૂરી છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે વર્ષ ૨૦૧૭ સુધીમાં નેટ ઝીરો પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો છે. આ લક્ષ્ય દેશના વિકાસ મોડલને વધુ હરિત આત્મનિર્ભર અને જવાબદાર બનાવવાનો માર્ગ છે, જે આપણે બધાએ સિદ્ધ કરવાનો છે. પરિષદમાં દેશના વિવિધ રાજ્યોમાંથી પધારેલા શિક્ષણવિદો, વૈજ્ઞાનિકો, સંશોધકો,



આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તેમજ ઊર્જા અને ઔદ્યોગિક ક્ષેત્ર સાથે સંકળાયેલા નિષ્ણાતો ભાગ લઈ રહ્યા છે. પરિષદ દરમિયાન શાશ્વત ઊર્જાના વિવિધ પાસાઓને આવરી લેતા સંશોધનપત્રોનું પ્રસ્તુતીકરણ કરવામાં આવી રહ્યું છે, તેમજ ઊર્જા ક્ષેત્રમાં થઈ રહેલા અદ્યતન સંશોધનો અને ટેક્નોલોજીકલ વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા થશે. રાષ્ટ્રીય પરિષદમાં સૂર્યઊર્જા, પવન ઊર્જા, ગ્રીન હાઈડ્રોજન, બાયોમાસ, ટાઈડલ એનર્જી, બેટરી એનર્જી સ્ટોરેજ, સ્માર્ટ ગ્રીડ અને ઈલેક્ટ્રિક મોબિલિટી જેવા મહત્વપૂર્ણ વિષયો પર વિશેષ સત્રો યોજાઈ રહ્યા છે. આ ઉપરાંત ભારતના 'નેટ ઝીરો' લક્ષ્યને સિદ્ધ કરવા માટે વીજ ઉત્પાદન (Generation), ટ્રાન્સમિશન, ડિસ્ટ્રિબ્યુશન, માહિતી પ્રૌદ્યોગિકી, સાઈબર સુરક્ષા અને ઊર્જા ક્ષેત્રના વિવિધ મુદ્દાઓ પર નિષ્ણાતો દ્વારા વિચારવિમર્શ કરવામાં આવશે. પરિષદના બીજા દિવસે સંશોધનપત્રોના પ્રસ્તુતીકરણ, ઊર્જા ગોષ્ઠિ તેમજ ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ સાથે રાઉન્ડ ટેબલ બેઠકનું આયોજન કરવામાં આવ્યું રહ્યું છે. આ બેઠકમાં શાશ્વત ઊર્જાના વિકાસ માટે સંશોધન, ઉદ્યોગ અને નીતિ નિર્માણ વચ્ચે વધુ સઘન સંકલન કેવી રીતે સ્થાપી શકાય તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. પરિષદમાંથી ઊર્જા નીતિ, ગ્રીન ઈનોવેશન, ગ્રીન ફાઈનાન્સ, સ્કિલ ડેવલપમેન્ટ તેમજ શાશ્વત ઊર્જાના વ્યવહારુ અમલીકરણ માટે ઉપયોગી ભલામણો અને સૂચનો પ્રાપ્ત થશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવશે. ગુજરાત રાજય પાસે ઉપલબ્ધ વિપુલ કુદરતી સંસાધનો, મજબૂત ઔદ્યોગિક માળખું, અદ્યતન સંશોધન સંસ્થાઓ અને પ્રગતિશીલ નીતિઓના સમન્વયથી સ્વચ્છ અને શાશ્વત ઊર્જાના ક્ષેત્રમાં દેશને વધુ સશક્ત યોગદાન આપવાની ક્ષમતા રહેલી છે. આ પ્રકારની રાષ્ટ્રીય પરિષદો સંશોધન, ટેક્નોલોજી અને ઉદ્યોગ વચ્ચે સેતુરૂપ બનીને ભારતના હરિત અને આત્મનિર્ભર ઊર્જા ભવિષ્યને નવી દિશા આપશે.

## જીવાપર ગામે રૂ. ૧૪૫ લાખના ખર્ચે નિર્મિત આયુષ્માન આરોગ્ય મંદિર ખુલ્લુ મૂકતા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા

કમલમ્,રાજકોટ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે જસદણ તાલુકાના જીવાપર ગામે આયુષ્માન આરોગ્ય મંદિર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આયુષ્માન આરોગ્ય મંદિર ખુલ્લુ મુકતા મંત્રીશ્રી કુંવરજીભાઈએ જણાવ્યું હતું કે, લોકોને નજીકના સ્થળે આરોગ્યની પૂરતી સુવિધા મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજકોટ જિલ્લામાં જસદણ, વિંછીયા પંથકમાં પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્રના નિર્માણથી ગ્રામજનો માટે સ્થાનિક સ્તરે સારવાર ઉપલબ્ધ થઈ રહી હોવાનું મંત્રીશ્રીએ આનંદ સાથે જણાવ્યું હતું.

લોકોનું જીવન નિરામય બની રહે તે માટે આયુષ્માન આરોગ્ય મંદિર ખૂબ મદદરૂપ બનશે, તેવો વિશ્વાસ વ્યક્ત કરતા શ્રી કુંવરજીભાઈએ જણાવ્યું હતું કે, નાના બાળકો, મહિલાઓ સહિત તમામ વર્ગના લોકોને શ્રેષ્ઠ સારવારની સુવિધા મળી રહે તે પ્રકારે આરોગ્યમંદિરમાં વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે. માત્ર આરોગ્ય ક્ષેત્રે જ નહી, પરંતુ રોડ રસ્તા, સિંચાઈ, પીવાના પાણી, શિક્ષણ અને રોજગારી સહિતના



ક્ષેત્રોમાં પણ અનેક વિકાસ કામો હાલ ચાલી રહ્યા છે. મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ રૂ. ૧૪૫ લાખના ખર્ચે નિર્મિત આરોગ્ય મંદિરનાં લોકાર્પણ બાદ ત્યાં વિવિધ વિભાગમાં ઉપલબ્ધ સુવિધાનું નિરીક્ષણ કર્યું હતું. આધુનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ સુવિધાઓ અંગે માહિતી આપતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી જોષીએ જણાવ્યું હતું કે, કેન્દ્રમાં ઓ.પી.ડી. સાથે છ બેડની સુવિધા, સગર્ભા સ્ત્રીઓ માટે પ્રસૂતિની સગવડ, સગર્ભા માતાઓ અને નવજાત બાળકો માટે રસીકરણ, ઈમરજન્સી ડ્રેસિંગ અને મેડિકોલીગલ કેસનું પોસ્ટમોર્ટમ, આયુષ્માન કાર્ડ તથા આભા કાર્ડની સુવિધા સહિત વિવિધ રોગોનાં નિદાન અને સારવારની સુવિધાઓનો લાભ આસપાસના ગામજનોને મળશે. લોકાર્પણ પ્રસંગે અગ્રણીઓશ્રી ભાવેશભાઈ વેકરીયા તેમજ શ્રી ચંકીતભાઈ રામાણીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. ડો. ચંદનકુમાર રામે જસદણ, વિંછીયા પંથકમાં ઉપલબ્ધ આરોગ્ય કેન્દ્રની માહિતી પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં જસદણ તાલુકા પંચાયત પ્રમુખશ્રી ભાવનાબેન વેકરીયા, સરપંચશ્રી જનુબેન મિયાત્રા, મામલતદારશ્રી મહેશભાઈ બલિયા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સદસ્યશ્રીઓ સહીત આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## આર્થિક સંકટના કારણે કોઈ દર્દી સારવારથી વંચિત ન રહે તે માટે સાંસદ પ્રભુભાઈ વસાવાનો સેવાયજ્ઞ

**૧૨ વર્ષમાં ગંભીર દર્દીઓ માટે રૂ.૧૩.૭૫ કરોડની સહાય મંજૂર કરાવી**

**પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષ (PMNRF) અંતર્ગત ૧૦૦થી વધુ જરૂરિયાતમંદ પરિવારોને મળી સારવારની આર્થિક સંજીવની**



કમલમ્,મયુરપટેલ

બારડોલીના લોકાભિમુખ સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાના સતત અને સંવેદનશીલ પ્રયત્નોના પરિણામે વિસ્તારના ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને મોટી આર્થિક રાહત મળી છે. છેલ્લા ૧૨ વર્ષ દરમિયાન ગંભીર અને જીવલેણ બીમારીઓથી પીડિત દર્દીઓની વહારે આવીને સાંસદશ્રીએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષ (PMNRF) હેઠળ કુલ રૂ.૧૩.૭૫ કરોડની માતબર આર્થિક સહાય મંજૂર કરાવી છે. સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાના વ્યક્તિગત રસ અને સક્રિય સંકલનને કારણે મંજૂર થયેલી આ સહાયથી બારડોલી સંસદીય ક્ષેત્રના ૧૦૦થી વધુ ગંભીર દર્દીઓ અને તેમના પરિવારોને મોંઘીદાટ સારવાર માટે બહુમોટી આર્થિક સંજીવની મળી છે. કેન્સર, કિડની, હૃદયરોગ જેવી અત્યંત ખર્ચાળ અને જીવલેણ બીમારીઓ સામે ઝઝૂમતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને સમયસર શ્રેષ્ઠ સારવાર મળી રહે તેમજ કોઈપણ દર્દી માત્ર આર્થિક સંકટના કારણે સારવારથી વંચિત ન રહી જાય તે માટે સાંસદશ્રીએ અવિરત પ્રયાસો કર્યા છે. સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેવાડાના માનવી સુધી આરોગ્ય સુવિધાઓ પહોંચાડવી અને જનસેવા કરવી એ જ મારી પ્રથમ પ્રાથમિકતા છે. કોઈ ગરીબ પરિવાર આર્થિક તંગીના કારણે પોતાના સ્વજનની સારવાર ન કરાવી શકે તેનાથી મોટું દુઃખ બીજું કોઈ ન હોઈ શકે. ભવિષ્યમાં પણ મતવિસ્તારના જરૂરિયાતમંદ લોકો સુધી કેન્દ્ર અને રાજય સરકારની તમામ કલ્યાણકારી યોજનાઓનો લાભ અગ્રતાના ધોરણે પહોંચે તે માટે હું અને મારી ટીમ સેવા, સમર્પણ અને વિકાસના સંકલ્પ સાથે સતત કાર્યરત રહીશું."

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028